# ગાંધી કંઠમાળાનું મોતી સ્વઃ શ્રી ગુણવંતરાય કાલીદાસ મહેતા

વિષ્ણુભાઈ ચૌધરી

## ૧. પ્રાસ્તાવિક

આપણા દેશનને સ્વાધિનતા અપાવવામાં અનેક મહાપુરુષોનું પ્રદાન રહેલુ છે અને આ મળેલી સ્વાધિનતાને કઈ રીતે ખરા અર્થમાં સાકાર કરવી તે માટેનાં કાર્યો પણ આવા લોકો દ્વારા કરવામાં આવે છે તથા આવાં કામ પાર પાડતી વખતે તેઓએ પોતાના કુટુંબ કે સમાજની પણ દરકાર કરેલ નથી. આપણા દેશને આઝાદ કરાવવામાં આવા અનેક નામી અનામી લોકોએ આમૂલ ફાળો આપી આઝાદીને પોસવા માટે તન અને ધનથી સેવા કરેલ છે. ઈતિહાસની ધરોહર પર નજર કરીએ ત્યારે આપણને એ બાબતનો ચોકકસ ખ્યાલ આવે છે કે કોઈપણ પ્રકારના પરિણામ પાછળ ઘણા લાંબા સમયના પરીબળો ભાગ ભજવતા હોય છે પછી, ભલે તે પરીબળ સામાજીક, આર્થિક, ધાર્મિક કે રાજનૈતિક રહયું.

બસ આવીજ રીતે આપણા દેશને આઝાદી અપાવવામા જે પરિબળરૂપી લોકોનો ફાળો છે. તે પૈકીના એક લોકસેવક, ક્રાંતિકારી કે પછી સ્વાતંત્ર્ય સેનાની કહો, તો દરેક શબ્દ જેમના માટે સાર્થક નીવડે તેવા માઁ ભારતી ના સપૂત શ્રી મગનભાઈ મહેતા વિશેની માહિતી પિરસવાનો આ મારો એક નમ્ર પ્રયાસ છે, કે તેઓ ઉતર ગુજરાતના સરહદી વિસ્તાર એવા વાવ તાલુકાના વતની છે અને ૮૬ વર્ષની પાકટ ઉમરે પોતાના કુટુંબ સાથે જીવન વ્યતિત કરી રહયા છે.

## ૨.જન્મ અને ઉછેર

ગુણવતરાય કાલીદાસ મહેતાનો જન્મ તારીખ ૨૯/૪/૧૯૩૨નાં રોજ પોતાના વતન વાવમાં જ થયો તેમના પર તેમની માતા અને પિતા બન્નેનો સારો એવો પ્રભાવ પડેલ બાળપણથીજ માતૃશ્રીએ સારા સંસ્કારોનું સિંચન કરેલું હતું અને પીતાજીએ સાહસિકતાના પાઠ શિખવ્યા હતા જેની ફળસ્વરૂપે તેમનામા દેશદાઝની ભાવનાનો વિકાશ થયો અને યુવાન થતા તેના રંગે રંગાયા અને પોતાના માતા પિતાનું નામ ઉજાળયુ. તેમના ધર્મપત્નિનું નામ દયાબેન છે અને દિકરાનું નામ રાજુભાઈ છે.૧

## ૩.અભ્યાસ

અભ્યાસની વાત કરીઓ તો અભ્યાસમાં તો તેઓ તેજસ્વી હતા છતા તેમણે ખાસ કોઈ વધારે અભ્યાસ કરેલ ન હતો. તેમનો અભ્યાસ ફકત સાત ધારણ સુધીનોજ હતો પરંતુ જીવનના ગણતરમાં તેઓ ઘણા આગળ પડતા હતા.રાષ્ટ્રવાદની પ્રવૃત્તિઓ કરતાં કરતાં તેમણે પાટણમાં આવેલી નર્મદાબાઈ સંસ્કૃત પાઠશાળામાં વેદનો અભ્યાસ કર્યો હતો કારણ કે આ પાઠશાળા રહેવાની અને જમવાની સુવિધા હોવાથી પેટનો ખાડો પૂરવાની ચિંતા ટળી અને રાષ્ટ્રની પ્રવૃત્તિ ચાલુ રાખી.પુસ્તકોના વાંચનનો તેમને શોખ હતો અને જે જીવન ભર ટકી રહયો.

## ૪. કારર્કિદી

લોકસેવક એવા મહેતા સાહેબની કારર્કિદીની વાત કરીએતો...હમેશા પારકાનું હિત ઈચ્છનારા આ સેવકને કોઈ પણ પ્રકારની કારર્કિદીની ચિંતા ન હતી.ઈ.સ ૧૯૫૩/૫૪ માં લોકલબોર્ડમાં સાઈટ કારકૂન તરીકે

જોડાઈને લોકોની સેવા કરી અને વેદનો અભ્યાસ કરેલ હોવાથી તેમણે વેદાંતશાસ્ત્રી તરીકેની પણ ફરજ પણ બજાવેલી છે.

૫. સ્વાતંત્ર્ય પ્રવૃત્તિનાં કાર્યો

જયારે દેશ આઝાદી માટેના છેલ્લા મરણિયા પ્રયાસો કરી રહયો હતો ત્યારે મહેતા સાહેબની ઉંમર નાની હતી છતા પણ તેમણે જે પ્રકારના કાર્યો કર્યા છે તે અભિનંદનને પાત્ર છે. શરુઆતમાં તેઓ શ્રીએ હસ્તલિખીત પત્રિકાઓ લખવાની શરુઆત કરી અને ગામડે ગામડે જઈને પત્રિકાઓનું વિતરણ કરવાનુ કામ શરુ કર્યુ.

૬. લોકસેવાનાં કાર્યો

લોક સેવાના કર્યોમાં પણ તેમનુ આગવું પ્રદાન રહેલું છે. દેશને આઝાદી તો મળી ગઈ પરંતુ ઘણી એવી સમસ્યાઓ હતી કે જેના કારણે લોકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો તે સમયની મુશ્કેલીઓની વાત કરીએ તો મહામારી કે રોગચાળા સમયે લોકોના ઘર સુધી જઈને દવા પહોચાડવા નુ કામ કરતા હતા, શીતળા અને રકતપિતના દર્દિઓની સેવા કરતા કે જેમને સમાજ દ્રારા તિરસ્કૃત કરેલ હતા. દુકાળના સમયે જે તે ગામ કે સ્થળની મુલાકાત લઈને લોકોને પીવાનુ પાણી તથા અનાજ તેમજ પશુઓ માટે ઘાસચારાની વ્યવસ્થા કરી આપવામા આવતી હતી.

લોકોની પ્રાથમિક જરુરિયાતો પૂરી પાડવાની સાથે સાથે લોકોમાં શિક્ષણ આવે તે પ્રકારના પણ પ્રયાસો કરવામા આવતા હતા. તેના માટે રાત્રિ વર્ગોની શરુઆત કરવામાં આવી અને આ રાત્રિ વર્ગો દ્રારા લોક શિક્ષણની સાથે સાથે રાષ્ટ્રીય જાગૃતીના કાર્યક્રમો પણ પુરા પાડવામા આવતા હતા અને વિવિધ સાંસ્કૃતિક પ્રોગ્રામો દ્રારા લાકોમાં મનોરંજન પૂરું પાડવામાં આવતું હતું તથા વહેમ અને અંધશ્રધ્ધા જેવા વિષયો પર પ્રકાશ પાડવાનું કામ કરતા હતા, દારુબંધી જેવા કાર્યક્રમોમા જોડાઈને દારુના પીઠાઓ પર પીકેટીગ કરવાનું કામ કરતા હતા અને દારુ બનાવવા માટેની જે સામગ્રી મળતી તેનો નાસ કરતા હતા.

વાવ સ્ટેટમાં રોળીયુ પડયું અને લોકો તેનાથી મરતા હતા એવા સમાચાર ગાંધીજીએ છાપોઓમાં વાંચ્યા અને વાવ સ્ટેટનાં રાણાજીને પત્ર લખ્યો કે તમારા સ્ટેટમાં વસતી મરી રહી છે તો માટે ઘટતું કરો વળતા જવાબમા વાવના રાણાજીએ કહયું કે હું મારા ગજા પ્રમાણે કામ કરી રહયો છું મારુ સ્ટેટ નાનું છે માટે વધારે કામ માટે આપના સહકારની જરુર છે. એવા સમયે ભરુચ જિલ્લાના મામલતદાર નર્મદાશંકર અને તેમના ધર્મપત્નિ શ્રીમતિ કમલાબેનને બનાસકાંઠામાં મોકલ્યા અને તેમની સાથે મહેતા સાહેબ પણ જોડાયા અને બનાસક્રાંઠાના સંસદસભ્ય શ્રી અકબરભાઈ ચાવડા પણ જોડાયા હતા ગામ ગામ ફરીને લોકોને ગોળીઓ આપતા અને નામ નોંધતા અને લોકોમાં આરોગ્યની સાથે–સાથે દેશની આઝાદીની પ્રવૃત્તિ અને જાગૃતિની કેળવણી આપતા હતા.

લોકોનો ઉત્સાહ વધારવા માટે કહેતા કે .. જો આઝાદી આવશે તો તમારે જાગીરદારોને આવકનો છઠ્ઠો ભાગ આપવો નહીં પડે,વેઠ નહીં કરવી પડે,કન્યા કૂંડી વગેરે નહીં ભરવી પડે

૭. જેલવાસ

પત્રીકાઓ વહેચાતા અન સ્વાધિનતાનાં કર્યો કરતા કરતા અનેક વખત શિપાહીઓના હાથે પકડાઈ જતા જેલવાસો ભોગવવાનો વારો આવતો છતા પણ સહર્ષ સ્વીકારી લેતા અને જેલમાથી છૂટયા બાદ જે તે પ્રવૃત્તિઓ ચાલુ રહેતી હતી.

૮. યુધ્ધ સમયનાં કાર્યો

યુધ્ધ સમયે રાહત સામગ્રી પહોચાડવા થી લઈ ને સૈનીકો માટે દાકતરી સુવિધા અને તેમની જરુરીયાતની વસ્તુઓને પહોચાડવાનું કામ તથા લોકોમાં યુધ્ધનો ખોટો ડર ન પેસે અને લોકજાગૃતી આવે તે માટેના પ્રયાસો કરતા હતા. કયારેકતો સૈનિકો માટે દારુગોળો બનાવવા માટેનું કામ પણ આવી પડતું હતું.

આમ,પોતાના હિત માટે તો દરેક જણ કાંઈ પણ કરવા તૈયાર હોય છે. પરંતુ જયારે રાષ્ટ્રના પરમાર્થના કાર્યની વાત થાય ત્યારે દરેક માટે તે એક મહા પ્રશ્ન બની જતો હોય છે. કેમ કે તે સમયે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે અને પરીવાર તથા સમાજ સાથે સમાયોજન સાધવામા વ્યકતીએ અનેક ભોગ આપવા પડતા હોય છે અને આવો ભોગ એવી વ્યકતીજ આપી શકે કે જેને પોતાની નહિ પરંતુ પોતાના રાષ્ટ્રની ચિંતા હોય આવી વ્યકિતઓના નામમાં આપણે ચોકકસ પણે મહેતા સાહેબનું નામ લઈ શકીએ [૨]

૯. વિલીનીકરણનાં કાર્યો

ઈ.સ ૧૯૪૮માં ગાંધીજીની હત્યા થઈ અને ત્યાર બાદ દેશી રાજયોના વિલીનીકરણ વખતે રાધનપુરના નવાબે પાકિસ્તાનમાં ભળવાની તૈયારી કરી અને તેમાં કેટલાક જાગીરદારો પણ જોડાયા હતા એવા સમયે બનાસકાંઠાના સંસદ સભ્ય શ્રી અકબરભાઈને સાથે લઈને મહેતા સાહેબે ગામે ગામ ફરીને જાગીરદારોની ખાત્રી કરી અને ભારત તરફી રહેવાની અપિલ કરી. ગુણવંતરાય કાલીદાસ મહેતાનું અવસાન તા. ૧૭/૬/૨૦૧૬ ના રોજ પોતાના વતન વાવમાં થયું હતું.

સંદર્ભસૂચિ

૧. આચાર્ય ગુણવંતરાય ,'મારી જીવન યાત્રા', પરિચય પૂસ્તિકા, ૨૦૦૪, પૃ. ૬,૭
૨. ગુણવંતરાય આચાર્યની રૂબરૂ મુલાકાત, બનાસકાંઠા– વાવ, તાઃ ૧૪/ ૧૨/૨૦૧૩